જિલ્લાકક્ષાના ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવનો માટેના ભાડાના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/0557/G Section

સચિવાલય, ગાંધીનગર

તા.૦૭/૦૮/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૫/૦૯/૨૦૦૮નો પત્ર ક્રમાંક: અજાક/મ-૬/આ.ભવન/૨૦૦૮/૫૯૫૧-૫૯૭૭

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાક :અબડ-૧૦૧૬-૨૩૫૪૬૫-ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૬/૦૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૩/૨૬૦

આમુખ:

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલ સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં થયેલ વધારો તેમજ અનુસૂચિત વર્ગોના ઉત્કર્ષને ધ્યાને રાખીને બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યના તમામ જિલ્લા મથકોએ જિલ્લા કક્ષાના ડૉ.આંબેડકર ભવન બાંધવાનું નક્કી થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૫/૦૯/૨૦૦૮ના પત્રથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર તેમજ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલા જિલ્લાકક્ષાના ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવનોના નિયમો તેમજ ભાડાના દર નક્કી કરવામાં આવેલ હતા. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના ઠરાવથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર માટે ભાડાના દર અદ્યતન કરવામાં આવેલ હતા. વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૬/૦૧/૨૦૨૩ના પત્રથી જિલ્લાકક્ષાના ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવનોનો વિવિધ હેતુસર ઉપયોગ કરવા માટે પ્રવર્તમાન સમયસંજોગો મુજબના અદ્યતન ભાડાના દર નક્કી કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપુર્વકની વિચારણાને અંતે, જિલ્લાકક્ષાના ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવનોનો વિવિધ હેતુસર ઉપયોગ કરવા માટેના પ્રવર્તમાન સમયસંજોગો મુજબ અદ્યતન ભાડાના દર નીચેના કોષ્ટક મુજબ આથી મંજૂર કરવામાં આવે છે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Aug-2024 (03:35 PM)

O/C 07/08/2024

સા.ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
તારીખ 07/08/2024
નંબર........
સહી........

| ક્રમ | જાતિ | લગ્ન પ્રસંગ તથા અન્ય સામાજિક પ્રસંગો માટે | | સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક હેતુ માટે | | વ્યવસાયીક હેતુ માટે | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિફ્ટનો સમય | અદ્યતન ભાડા દર | શિફ્ટનો સમય | અદ્યતન ભાડા દર | શિફ્ટનો સમય | અદ્યતન ભાડા દર |
| ૦૧ | અનુસૂચિત જાતિ | ૧ દિવસ | રૂ.૫૦૦૦/- | ૩ કલાક | ૩ કલાકના રૂ.૫૦૦/- અને વધારાના પ્રતિ કલાક દીઠ રૂ.૧૦૦/- | પ્રથમ ૦૩ કલાક | રૂ.૧૩૦૦/- |
| | | | | | | બીજી ૦૩ કલાક | રૂ.૧૩૦૦/- |
| | | | | | | ત્રીજી ૦૩ કલાક | રૂ.૧૩૦૦/- |
| | | | | | | ત્યારબાદ વધારાના પ્રતિ કલાક દીઠ | રૂ.૩૦૦/- |
| ૦૨ | અન્ય જાતિ | ૧ દિવસ | રૂ.૫૫૦૦/- | ૩ કલાક | ૩ કલાકના રૂ.૬૦૦/- અને વધારાના પ્રતિ કલાક દીઠ રૂ.૨૨૫/- | પ્રથમ ૦૩ કલાક | રૂ.૨૫૦૦/- |
| | | | | | | બીજી ૦૩ કલાક | રૂ.૨૫૦૦/- |
| | | | | | | ત્રીજી ૦૩ કલાક | રૂ.૩૦૦૦/- |
| | | | | | | ત્યારબાદ વધારાના પ્રતિ કલાક દીઠ | રૂ.૪૦૦/- |
| રાજકીય પ્રવૃત્તિઓ માટે સદર ભવનોનો ઉપયોગ કરી શકાશે નહી. | | | | | | | |

તેમજ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના તા.૦૩/૦૫/૨૦૧૭ના ઠરાવની અન્ય બાબતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૩/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Aug-2024 (03:35 PM)

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

O/C

07/08/24

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Aug-2024 (03:35 PM)